# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/033 Dt. 08/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ અને ઓએનજીસી હજીરા પ્લાન્ટ દ્વારા સંયુકતપણે ઉદ્યોગ સાહસિકો માટે નવી તકો ઉભી કરવાની દિશામાં વેન્ડર ડેવલપમેન્ટ મીટ યોજાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઓએનજીસી હજીરા પ્લાન્ટના સહયોગથી મંગળવાર, તા. ૮ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે વેન્ડર ડેવલપમેન્ટ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઓએનજીસી હજીરા પ્લાન્ટના પ્લાન્ટ મેનેજર શ્રી ચંદ્ર શેખર, સપોર્ટ મેનેજર શ્રી એસ.એસ. ભટ્ટાચાર્યજી, એચપીઓ જીએમ શ્રી અશોક ઠાકુર ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, Let's bridge the gap between potential & opportunity વિષયની સાથે આયોજિત આ વિશિષ્ટ મીટનો મુખ્ય હેતુ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) અને મહિલા ઉદ્યોગકારોને સશક્ત બનાવવાનો હતો. ચેમ્બર દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને પોતાની સેવાઓ અને તેમના ઉત્પાદનો રજૂ કરવાની તક પૂરી પાડવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, મહિલા સાહસિકોની સાથે સાથે તમામ ઉદ્યોગ સાહસિકોની સક્રિય ભાગીદારી માટે સમાન તકો ઉભી થાય, જાહેર ક્ષેત્રની ખરીદીમાં પારદર્શિતાને પ્રોત્સાહન મળી રહે તથા ઓએનજીસી અને એમએસએમઇઝ વચ્ચે લાંબા ગાળાના વ્યવસાયિક સંબંધો વિકસી શકે, ખરીદીની નીતિ, પદ્ધતિઓ અને પ્રોસેસ અંગે વધુ સ્પષ્ટતા કેળવાઇ શકે તે મુખ્ય હેતુથી આ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓએનજીસી હજીરા પ્લાન્ટના પ્લાન્ટ મેનેજર શ્રી ચંદ્ર શેખરે જણાવ્યું હતું કે, સરકારના રૂલ્સ એન્ડ રેગ્યુલેશનને આધારે GeM (Government e–Marketplace) અને GePNIC (e–Procurement) પ્લેટફોર્મ્સના માધ્યમથી ઓએનજીસી દ્વારા ખરીદી કરવામાં આવે છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકો તેમજ સપ્લાયર્સને આ બંને પ્લેટફોર્મ્સની પણ સમજ આપી હતી. ઓએનજીસી દ્વારા વેન્ડર ડેવલપમેન્ટ માટે પણ કામ કરવામાં આવે છે, જેથી નવા સપ્લાયર્સને તેમની સાથે જોડાવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી સંજય ગજીવાલા અને ચેમ્બરની વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ કમિટીના સભ્ય જનક વ્યાસ તથા ઓએનજીસીના અધિકારીઓએ સ્થાનિક સપ્લાયર્સ અને ઉદ્યોગ સાહસિકોને વધુ તકો આપવાના દ્રષ્ટિકોણથી આવી મીટ્સનું વ્યાપક સ્વરૂપે આયોજન કરતા રહીશું તેમ જણાવ્યું હતું. વેન્ડર ડેવલપમેન્ટ જેવા આયોજનો ઉદ્યોગ સાહસિકોને નવી દિશા આપે છે અને નાના ઉદ્યોગોને સરકારી ખરીદીની મુખ્યધારા સાથે જોડવા માટે મહત્વના સાબિત થાય છે.

આ વેન્ડર મીટ અંતર્ગત દક્ષિણ ગુજરાતના સંખ્યાબંધ ઉદ્યોગ સાહસિકો અને સપ્લાયર્સે ઓએનજીસી હજીરા પ્લાન્ટના અધિકારીઓ સાથે સીધો સંપર્ક સાધ્યો હતો. આ મીટમાં ખુલ્લા ફોરમ દ્વારા પ્રશ્નોત્તરી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ઉદ્યોગ સાહસિકોએ પોતાની મુંઝવણો રજૂ કરવાની સાથે સાથે તેમના સાહસો અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી.